# SHRI K.K. SHASTRI GOVERNMENT COMMERCE COLLEGE

Shri K.K. Shastri Educational Campus, Khokhra Road,
Maninagar (East), Ahmedabad-380008
NAAC Accredited 2.49 CGPA : UGC Recognized 2(f) & 12(B): Affiliated with Gujarat University


NO:SKKSGCC/2026/NOTICE/25 DATE : February 14, 2026

## "સુર- સંગીત સ્પર્ધા"

આથી અત્રેની શ્રી કે.કા.શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં **B.Com** માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે "સુર- સંગીત સ્પર્ધા" નું આયોજન થનાર છે, તો આ સ્પર્ધાઓમાં ભાગ લેવા રસ ધરાવતા વિદ્યાર્થીઓએ તા. ૧૬/૦૨/૨૦૨૬ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી લેવા વિનંતી. વધુ માહિતી અને માર્ગદર્શન માટે ડો. વિજય રાવલ (રૂમ નં ૨૦૬) ને સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

14/2/26

ડૉ.યોગેશ યાદવ
આચાર્ય, **(GES-I)**
શ્રી કે.કા.શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ,
મણિનગર(પૂર્વ), અમદાવાદ

Dr. Bharti Dave
Principal

Managed by Mahipatram Rupram Ashram

# M. P. ARTS & M. H. COMMERCE COLLEGE FOR WOMEN

(Affiliated to Gujarat University)

Out Side Raipur Gate, Ahmedabad - 380 022.
Phone : +91 85111 21649
mpmhac216@yahoo.co.in
Website : www.mpmhcollege.edu.in

Ref. No. 217/2025-26 Date : 06/02/2026

પ્રતિ,
આચાર્યશ્રી,

અમદાવાદ

વિષય : સૂર-સંગીત સ્પર્ધામાં ભાગ લેવા બાબત.

માનનીયશ્રી,

આપ કુશળ હશો. અમને જણાવતાં આનંદ થાય છે કે, અમારી સંસ્થાના 'રજત જયંતી વર્ષ' નિમિત્તે શરૂ કરેલી અને હવે તો ખૂબ પ્રશંસા પામેલી અમદાવાદની આંતર-કૉલેજ સૂર-સંગીત સ્પર્ધા આ વર્ષથી 'મદનમોહન રમણલાલ સૂર-સંગીત સ્પર્ધા' તરીકે ઓળખાશે. આ વર્ષે આ સ્પર્ધાનો સુરીલો સત્યાવીસમો મણકો છે. સહુના સાથ અને સહકારથી સૂર-સંગીતની આ સ્પર્ધા ઘણી લોકપ્રિય બની છે.

અમદાવાદની પ્રત્યેક કૉલેજની વિદ્યાર્થિનીઓ માટે યોજાતી આ સ્પર્ધામાં આ વર્ષે પણ આપની સંસ્થા ભાગ લેશે એવી અમને શ્રધ્ધા છે.

વિષય : આપણું ગુજરાતી ચિત્રપટ સંગીત
(ગુજરાતી ફિલ્મોના ગીત - ઈસવીસન ૧૯૩૨થી આજ સુધીની ગુજરાતી ફિલ્મોના હજારો ગીતમાંથી પસંદગી કરી શકાશે.)

તારીખ : ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ શનિવાર

સમય : સવારે ૮.૩૦ કલાકે

સ્થળ : શ્રી જેઠાભાઈ ભગત ઑડિટૉરિયમ(કૉલેજ પરિસર)

સ્પર્ધાના આ પત્ર સાથે સંલગ્ન નિયમો પ્રમાણે આપની સંસ્થાની સ્પર્ધક વિદ્યાર્થિનીનું નામ તથા ગીત તા.૧૬/૦૨/૨૦૨૬ સુધીમાં મળે તે રીતે અચૂક મોકલવા વિનંતી છે.

સર્વે સ્પર્ધકો માટે વાદ્યકારોની વ્યવસ્થા આ કૉલેજ દ્વારા જ કરેલ છે. તો આપની સ્પર્ધક વિદ્યાર્થિનીને તાલીમ તેમજ તૈયારી માટે ૧૯ અને ૨૦ ફેબ્રુઆરીના રોજ સવારે ૮.૦૦ કલાકે આ કૉલેજના ઑડિટૉરિયમ ખાતે અચૂક ઉપસ્થિત રાખવા વિનંતી.

આભાર સહ

(ડૉ. ભારતી દવે)
Principal
M.P. Arts & M.H. Commerce
College For Woman
Ahmedabad-380022

# 'મદનમોહન રમણલાલ સૂર-સંગીત સ્પર્ધા'ના નિયમો

૧. ફકત બહેનો માટેની આ સ્પર્ધા અમદાવાદ શહેરની પ્રત્યેક કૉલેજને તેના વ્યાપમાં સમાવે છે.

૨. પ્રત્યેક કૉલેજ તેની ચાલુ વર્ષે ભણતી એક વિદ્યાર્થિનીને સ્પર્ધક તરીકે મોકલી શકશે.

૩. જો તમારાં ગીતમાં સમૂહસ્વર યોજવાની આવશ્યકતા હોય તો તે માટે કૉલેજની ત્રણ વિદ્યાર્થિનીઓને સહાયક તરીકે રાખી શકાશે.

૪. ગીતની મહત્તમ મર્યાદા ચાર (૪) મિનિટની રહેશે.

૫. <u>ગીતનું મૂલ્ય શબ્દો અને સ્વરાંકનની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ હોય એ ધ્યાનમાં લેવા નમ્ર વિનંતી.</u>

૬. <u>ગીત પસંદગીમાં શૈક્ષણિક સંસ્થાનો કાર્યક્રમ છે તે લક્ષમાં રાખીને ઔચિત્ય જળવાય તેનું ધ્યાન રાખશો.</u>

૭. પ્રવેશ માટેનો પત્ર આપની કૉલેજનાં લેટરહેડ ઉપર આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે મોકલવો અને તમે પસંદ કરેલું આખું ગીત તમારા પ્રવેશપત્ર સાથે જ મોકલવું આવશ્યક છે.

૮. નિયત કરેલી તારીખ પહેલા નોંધણી અચૂક કરાવી લેવી.

૯. સ્પર્ધાના દિવસે કાર્યક્રમના આરંભથી અડધો કલાક પહેલા આવીને સ્પર્ધકે તેનું રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે.

૧૦. સ્પર્ધક તેમજ સહાયક ગાયકે કૉલેજની વિદ્યાર્થિની તરીકેનું ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે.

૧૧. સ્પર્ધા અંગે નિર્ણાયકોએ આપેલો નિર્ણય આખરી ગણાશે તેની સામે કોઈ વિવાદ થઈ શકશે નહીં.

૧૨. સ્પર્ધાનું પરિણામ અને ઈનામ વિતરણ સ્પર્ધાને અંતે હૉલમાં જ કરવામાં આવશે.

૧૩. દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર અને પ્રતીક પુરસ્કાર આપવામાં આવશે. આ પ્રમાણપત્ર માત્ર મુખ્ય સ્પર્ધકને જ આપવામાં આવશે.

૧૪. વ્યક્તિગત ઉત્કૃષ્ટ દેખાવ કરનાર પ્રથમ ત્રણ સ્પર્ધકને અનુક્રમે રૂા.૧૫૦૦, રૂા.૧૨૦૦ અને રૂા.૧૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

૧૫. સર્વશ્રેષ્ઠ ગણાયેલી સંસ્થાને ફરતું વિજયપદ્મ આપવામાં આવશે. વિજયપદ્મને જાળવવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે. શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયા બાદ આયોજક સંસ્થાને વિજયપદ્મ પરત કરવાનું રહેશે.

૧૬. આ સ્પર્ધા અંગે તમામ પત્ર વ્યવહાર નીચે દર્શાવેલ સરનામે કરવો.

ડૉ. માર્ગી હાથી - મોબાઈલ : ૯૮૨૫૭ ૦૮૨૭૯
પ્રાધ્યાપક-ઈન-ચાર્જ, સૂર-સંગીત સ્પર્ધા
એમ.પી.આર્ટ્સ એન્ડ એમ.એચ.કોમર્સ કોલેજ ફોર વિમેન
રાયપુર દરવાજા બહાર, અમદાવાદ - ૨૨.

★★★

Principal
M.P. Arts & M.H. Commerce
College For Woman
Ahmedabad-380022